# રાજ્યમાં કોરોનાનો હાહાકાર, નવા ૭૩૫ કેસ

## રાજ્યમાં સતત ત્રીજા દિવસે આંકડો ૭૦૦ને પાર, રાજ્યમાં ૧૭ના મોત : સુરતમાં ત્રણ દિવસથી આંકડો ૨૦૦ને પાર : રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૩૬૮૫૮, કુલ મૃત્યુઆંક ૧૯૬૨

ગાંધીનગર,તા.૬

રાજ્યમાં સતત ત્રીજા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૭૦૦ને પાર થઈ નવા રેકોર્ડ બનાવી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૬૩૪૦ ટેસ્ટ કરાતા ૭૩૫ કોરોના પોઝિટિવના દર્દી નોંધાયા હતા. આ સાથે રાજ્યમાં કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો ૩૬૮૫૮ થયો છે. રાજ્યમાં આજે વીતેલા ૨૪ કલાકમાં ૧૭ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક કોરોનાને લીધે ૧૯૬૨ થયો છે. રાજ્યમાં ૪૨૩ વ્યક્તિઓ ડિસ્ચાર્જ થતા કુલ ડિસ્ચાર્જ થવાનો આંકડો ૨૬ હજારને પાર થઈ ૨૬૩૨૩ થયો છે. રાજ્યમાં ૬૯ વ્યક્તિઓ વેન્ટીલેટર પર અને કુલ એક્ટિવ કેસ ૮૫૭૩ થયો છે. રાજ્યમાં સતત ત્રીજા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૭૦૦ને પાર થતા ૩ દિવસમાં જ રાજ્યમાં કોરોના પોઝિટિવની સંખ્યા ૨૨૦૦ને પાર થઈ ગઈ છે. રાજ્ય ભયજનક હદે કોરોનાના કેસોની સપાટી વટાવી રહ્યો છે. તેના તરફ ઈશારો કરે છે. તેમાંય સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં પડતા ભારે વરસાદથી આરોગ્ય વિભાગની ચિંતામાં વધારો કરી મુક્યો છે. રાજ્યમાં વીતેલા ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૭, સુરત કોર્પોરેશનમાં ૪ અને જિલ્લામાં ૨, અરવલ્લીમાં ૧ અને ખેડામાં ૧ સાથે કુલ ૧૭ દર્દીઓના મોત કોરોનાને લીધે થયા છે.

અમદાવાદ કોર્પોરેશનમાં ૧૬૮ અને જિલ્લામાં ૧૫ સાથે કોરોના પોઝિટિવના ૧૮૩ કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૨૨ હજારને પાર થયો અને ૨૨૦૭૫ થયો છે. જ્યારે વધુ ૧૭ મોત કોરોનાના લીધે નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૪૯૧ થયો છે. સુરત શહેર રાજ્યમાં કોરોના પોઝિટિવ કેસમાં અગ્રેસર થતું જાય છે. સુરત કોર્પોરેશનમાં ૨૦૧ અને ગ્રામ્યમાં ૪૦ કેસ સાથે કુલ ૨૪૧ કેસ કોરોનાના નોંધાયા છે. સુરતમાં આ સાથે કોરોનાથી કુલ સંક્રમિતનો આંકડો ૬ હજારનો પાર થઈ ૬૨૦૯ થયો છે. આજે વધુ ૬ મોત સુરતમાં નોંધાતા કુલ મૃત્યુઆંક કોરોનાને લીધે ૧૮૮ થયો છે. વડોદરા કોર્પોરેશનમાં ૫૫ અને ગ્રામ્યમાં ૧૦ સાથે કુલ ૬૫ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા છે. આ સાથે વડોદરામાં કોરોનાથી કુલ સંક્રમિતનો આંકડો ૨૬૩૩ થયો છે. જ્યારે ગાંધીનગરમાં ૧૭ નવા કોરોના પોઝિટિવના કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૨૬૩૩ થયો છે. રાજ્યના ૮ કોર્પોરેશન અને ૨૮ જિલ્લામાં કોરોના વકર્યો છે. જેમાં ભાવનગર કોર્પોરેશનમાં ૨૬ અને ગ્રામ્ય ૯ સાથે ૩૫ કેસ નોંધાતા આરોગ્ય તંત્રની શિતામાં વધારો થયો છે.

ભરુચમાં ૧૮, રાજકોટ કોર્પોરેશનમાં ૧૪ અને ગ્રામ્યમાં ૭, વલસાડમાં ૧૩, મહેસાણામાં ૧૨, કચ્છમાં ૧૧, જુનાગઢ કોર્પોરેશનમાં ૯ અને જિલ્લામાં ૬, ખેડા અને ભાવનગરમાં ૯-૯, પંચમહાલ, સાબરકાંઠા અને નવસારીમાં ૮-૮, અમરેલીમાં ૭, જુનાગઢમાં ૬, જામનગર કોર્પોરેશનમાં ૫ અને જિલ્લામાં ૨, સુરેન્દ્રનગર અને દાહોદમાં ૫-૫, મોરબી અને તાપીમાં ૪-૪ પાટણ અને છોટા ઉદેપુરમાં ૩-૩, અરવલ્લી, મહિસાગર, બોટાદ અને ગીર સોમનાથમાં ૨-૨ અને સાણંદમાં ૧ કેસ નોંધાયો છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૨૦૭૫ | ૧૪૯૨ | ૧૭૦૬૯ |
| સુરત | ૬૨૦૯ | ૧૯૪ | ૪૦૦૮ |
| વડોદરા | ૨૬૩૩ | ૫૧ | ૧૮૬૫ |
| રાજકોટ | ૪૩૦ | ૧૨ | ૧૫૭ |
| ગાંધીનગર | ૭૩૬ | ૩૨ | ૫૪૬ |
| ભાવનગર | ૩૭૩ | ૧૩ | ૧૫૬ |
| કચ્છ | ૧૯૫ | ૦૬ | ૧૦૯ |
| મહેસાણા | ૩૩૯ | ૧૩ | ૧૬૨ |
| ગીર-સોમનાથ | ૯૧ | ૦૧ | ૫૦ |
| પોરબંદર | ૨૧ | ૦૨ | ૧૩ |
| પંચમહાલ | ૨૧૬ | ૧૬ | ૧૫૪ |
| પાટણ | ૨૪૯ | ૧૬ | ૧૨૯ |
| છોટાઉદેપુર | ૬૪ | ૦૨ | ૪૩ |
| જામનગર | ૧૭૯ | ૦૫ | ૧૪૮ |
| મોરબી | ૪૩ | ૦૧ | ૧૮ |
| સાબરકાંઠા | ૨૦૯ | ૦૮ | ૧૩૧ |
| આણંદ | ૨૪૬ | ૧૩ | ૨૧૧ |
| દાહોદ | ૭૯ | ૦૧ | ૪૮ |
| ભરૂચ | ૩૧૪ | ૧૦ | ૧૫૯ |
| બનાસકાંઠા | ૨૫૨ | ૧૨ | ૧૬૬ |
| ખેડા | ૨૧૮ | ૧૨ | ૧૩૫ |
| બોટાદ | ૧૦૪ | ૦૩ | ૬૯ |
| નર્મદા | ૯૫ | ૦૦ | ૮૫ |
| અરવલ્લી | ૨૨૯ | ૨૨ | ૧૮૩ |
| મહીસાગર | ૧૫૪ | ૦૨ | ૧૧૮ |
| નવસારી | ૧૫૩ | ૦૨ | ૭૫ |
| તાપી | ૨૫ | ૦૦ | ૦૮ |
| વલસાડ | ૨૨૯ | ૦૫ | ૭૧ |
| જૂનાગઢ | ૧૮૫ | ૦૪ | ૬૩ |
| સુરેન્દ્રનગર | ૨૦૦ | ૦૮ | ૧૦૯ |
| દેવભૂમિ દ્વારકા | ૨૭ | ૦૨ | ૧૮ |
| ડાંગ | ૦૪ | ૦૦ | ૦૪ |
| અમરેલી | ૧૦૫ | ૦૮ | ૪૮ |
| કુલ | ૩૬૮૫૮ | ૧૯૬૨ | ૨૬૩૨૩ |



અરવલ્લી જિલ્લાના મોડાસા નગરમાં અષાઢ મહિનાની પાંચમે નાની બાળાઓ ગૌરીવ્રત માટે સાત પ્રકારના અનાજ ભેગા કરી જવારા ઉગારીને અગિયારસના દિવસથી વ્રતની શરૂઆત કરી હતી. પાંચ દિવસ સુધી પૂજા-અર્ચના તેમજ ઉપવાસ કરીને પોતાની મનોકામના પૂરી કરવા ભગવાન શિવજીની આરાધના કરી અષાઢ સુદ એકમે સવારે વહેલા ઉઠી જવારાનુ પાણીમાં વિસર્જન કર્યું હતું. ચાલુ વર્ષે કોરોના સંક્રમણને કારણે બાળાઓ મંદિરમાં પુજન વિધી કરી શકી નહોતી.

## બનાસકાંઠામાં બેકાબુ બનતો કોરોના એક જ દિવસમાં ૨૮ કેસ : ૧ મોત

### પાલનપુરમાં ૧૩ કેસ, ડીસામાં ૧૦, કાણોદર ૨, શિહોરી-વાવમાં ૧-૧ અને વડગામના મેતામાં ૧ કેસ નોંધાયો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ બેકાબુ બની રહ્યો છે. જ્યાં સોમવારે જ દિવસમાં ૨૮ પોઝિટિવ કેસ નોંધાતા પ્રજાજનોમાં ફફડાટ પ્રસરી ગયો હતો. પાલનપુરમાં ૧૩ કેસ, ડીસામાં ૧૦, કાણોદર ૨, શિહોરી ૧, વાવ ૧ અને વડગામના મેતામાં ૧ કેસ પોઝિટિવ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૧૬ પહોંચી ગઈ છે. જ્યારે એક દર્દીનું કોરોનાથી મોત નિપજતાં મૃત્યુઆંક ૧૪ થવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું લોકલ સંક્રમણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. સ્થિતિ કાબુ બહાર જઈ રહી છે. કોરોના બેકાબુ બની રહ્યો છે. આવી સ્થિતિમાં લોકોની બેદરકારી અને તંત્રની ઢીલી કામગીરી વચ્ચે બનાસકાંઠા જિલ્લામાં સોમવારે કોરોના વાયરસનો વિસ્ફોટ થયો હતો. જ્યાં એક જ દિવસમાં ૨૮ પોઝિટિવ કેસ નોંધાતા પ્રજાજનોમાં ફફડાટ પ્રસરી ગયો હતો. પાલનપુરમાં ૧૩ કેસ, ડીસામાં ૧૦, કાણોદર ૨, શિહોરી ૧, વાવ ૧ અને વડગામના મેતામાં ૧ કેસ પોઝિટિવ આવ્યા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનિષ ફેન્સીએ જણાવ્યું હતુ કે, પાલનપુરના મોટી બજાર, ઢાળવાસ, આરોગ્યધામ પાછળ, અંબિકાનગર, ઢૂંઢીયાવાડી, શક્તિનગર, ચાણક્યપુરી, ગાયત્રી પરિવાર સોસાયટી સહિતના વિસ્તારોમાં પોઝિટિવ કેસ નોંધાયા હતા. લોકોને કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યારે તેમના સંપર્કમાં આવેલા પરિવાર તેમજ અન્ય લોકોને હોમ કોરેન્ટાઈન કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસ આવ્યા છે. તેને કન્ટેઈન્ટમેન્ટ એરિયા જાહેર કરી દેવામાં આવ્યા છે. દરમિયાન જિલ્લામાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યાએ ત્રેવડી સદી નોધાવી છે. સ્થિતિએ કુલ કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૩૧૬ પહોંચી ગઈ છે. જ્યારે એક દર્દીનું કોરોનાથી મોત નિપજતાં મૃત્યુઆંક ૧૪ થવા પામ્યો છે.




જાયન્ટ્સ ગ્રુપ ઓફ બાયડ દ્વારા તથા બાયડ સાહેલી પ્રમુખ દીપાબેન, ડો. મિનેષભાઈ ગાંધીના સહયોગથી ગૌરીવ્રત નિમિત્તે સો જેટલા બાળાઓને સુકામેવા (કાજુ, બદામ, અંજીર, ટોપરૂ, દ્રાક્ષ, મુક્તિ, રેવડી, ચિક્કી, ખારેક, અખરોટ, જલદારૂ)નું વિતરણ કરવામાં આવ્યું. ડિરેક્ટર ગિરીશભાઈ પટેલ, કુમુદભાઈ ભાવસાર, ધર્મેશ સોની, શૈલેષભાઈ ભાટીયા, સાહેલી મેમ્બર કાજલ સોની, યંગ જાયન્ટ્સ સભ્ય ધાવી ભાટીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## અરવલ્લીમાં અકસ્માતની વણથંભી વણજાર, બે યુવકોએ જીવ ગુમાવ્યો

અરવલ્લી જીલ્લામાં લોકડાઉનમાં થંભી ગયેલ અકસ્માતની ઘટનાઓ અનલોક થતાની સાથે વણથંભી વણજાર લાગી હોય તેમ સતત અકસ્માતની નાની-મોટી ઘટનાઓ નોંધાઈ રહી છે, ત્યારે ધનસુરા-હરસોલ રોડ પર નવલપુર નજીક સ્વીફ્ટ કાર ઝાડ સાથે ટકરાતા ચાલકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. કારમાં સવાર બે શખ્સોને ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે રવિવારે સવારે માલપુર નજીક આવેલ મોર ડુંગરી પાસે એક્ટિવા લઈ પસાર થતા સગીરે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા રોડ પર પટકાતા ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજતાં અને એક્ટિવા પાછળ બેઠેલ યુવકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે દવાખાને ખસેડ્યો હતો. સગીરનું અકસ્માતમાં મોત નિપજતા પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી.

### વરસાદથી ઠંડક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોવા મળ્યા હતા. જયારે સવારે ઝરમરિયા વરસાદ સાથે દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. જેના લીધે નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. વરસાદી વાતાવરણ વચ્ચે બફારાનુ પ્રમાણ ઘટયુ હતુ. શહેરમાં મહત્તમ તાપમાન ૨૯.૮ ડીગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૭ ડીગ્રી રહ્યુ હતુ. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર રહ્યુ હતુ. સવારે ૯૨ ટકા અને સાંજે ૮૫ ટકા ભેજ રહ્યો હતો. જયારે દિવસ દરમિયાન માત્ર ૪.૫ મી મી વરસાદ વરસ્યો હતો. શહેરમાં અત્યાર સુધી સિઝનનો માત્ર ૬ ઈંચ વરસાદ થયો છે. જયારે જિલ્લાના તાલુકાઓમાં પણ અન્ય વિસ્તારોની સાપેક્ષમાં વરસાદનુ પ્રમાણ ઓછુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે ખેડુતો પણ મુશળધાર વરસાદની વાટે છે. બીજીતરફ નાગરિકો પણ હવે મેઘરાજા મનમુકીને વરસે તેવી આશ સેવી રહ્યા છે. વરસાદી વાતાવરણ વચ્ચે નગરમાં હરિયાળી નિખરી છે. વાતાવરણમાં પણ પ્રમાણમાં ઠંડક અનુભવતા નાગરિકો મોસમનો નઝારો માંણી રહ્યા છે.

### ૧૭ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાંદીસણા ગામેથી ૭૧ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે તો નાદરી ગામેથી એક ૪૪ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ અર્બન-૨ માંથી બે દર્દીઓ મળી આવ્યા છે. જેમાં એક ૩૯ વર્ષીય પુરૂષ અને એક ૬૭ વર્ષીય પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. ગાંધીનગર તાલુકાના અડાલજ, ચિલોડા, ઝુંડાલ, સુઘડ, સરગાસણ, ખોરજ અને પેથાપુરમાંથી એક-એક કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે.

ઝુંડાલમાંથી એક ૨૪ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ યુવક સંક્રમિત દર્દીના પરિવારનો સભ્ય હોવાનું જાણવા મળેલ છે. ચિલોડામાંથી એક મહિલા દર્દીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જે વાણિજ્ય ક્ષેત્રે સંકળાયેલ હોવાનું જાણવા મળેલ છે.

પેથાપુરમાંથી એક ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેઓ દૂધ ભરાવવા માટે ડેરીની મુલાકાતે નિયમિત જતા હોવાનું જાણવા મળેલ છે. ખોરજમાંથી એક ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જે પિતાની સારવાર માટે ઝાયડસ હોસ્પિટલ અમદાવાદની મુલાકાતે ગયા હોવાનું જાણવા મળેલ છે. અડાલજમાંથી એક ૪૭ વર્ષીય પુરૂષનો, સુઘડમાંથી ૪૧ વર્ષીય યુવક અને સરગાસણમાંથી ૩૪ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

ગાંધીનગર અને કલોલ તાલુકામાં કોવિડ-૧૯ ના વધેલા સંક્રમણને લઈ તંત્રમાં ચિંતાની લાગણી પ્રસરી છે. જિલ્લામાં હાલ ૧૬,૩૦૨ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આ સૂત્રોએ જણાવ્યું છે કે આજે ૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

### મ્હાત કરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે કહ્યુ કે અહિયાં તબીબોની ટીમે ખુબજ કાળજી લીધી છે અને હોસ્પિટલમાં આવ્યો છુ તેવુ મને સ્હેજ પણ લાગવા દીધુ ન હતુ આ માટે મારા તબીબોની ટીમને ખુબ ખુબ અભિનંદન ખાસ કરીને ડૉ. મુકેશભાઈ અને તેમની ટીમ અભિનંદનના અધિકારી છે. વાઘેલા તેમની ખાનગી કારમાં પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા સાથે વસંત વગડે આવી ગયા ત્યારે પણ સૌએ તેમનુ અભિવાદન કર્યુ હતુ. રાજકીય જંગ લડતા બાપુ આજે વધુ એક જંગ જિત્યા તેનો સૌના મુખ પર આનંદ છવાયેલો હતો.

### ઓનલાઈન શિક્ષણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેવા આશયથી સરકારે દરેક શાળાઓને પણ હોમ લર્નિંગનો નવતર અભિગમ અપનાવી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા માટે પ્રોત્સાહીત કરી છે. જયારે આ અન્વયે ગાંધીનગર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા પણ ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. જેમાં વિદ્યાર્થીઓને ઘરે બેઠા સરળતાથી શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જિલ્લાની ૧૯૪ ગ્રાન્ટેડ અને ૨ સરકારી શાળાઓના વિદ્યાર્થીઓ હાલ ઓનલાઈન શિક્ષણ મેળવી રહ્યા છે. શિક્ષણાધિકારીના જણાંવ્યા મુજબ જિલ્લામાંથી ધો - ૯ થી ૧૨ ના અંદાજિત ૫૬ હજાર વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. વધુમાં તેમણે જણાંવ્યુ હતુ કે વોટસ એપ ગૃપ, ફેસબુક એપના આધારે પણ વિદ્યાર્થીઓને શિક્ષણ પુરુ પાડવામાં આવે છે. વોટસ એપ ગૃપના આધારે પણ ટીચીંગ લર્નિંગ પ્રક્રીયા ચાલી રહી છે. જયારે જે વિસ્તારમાં કોરોનાના કેસ ન હોય તેવા સ્થળે જરૂર પડે વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાત લઈ શિક્ષકો શિક્ષણ આપે તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. જયારે શાળા કક્ષાએથી શિક્ષકો વિદ્યાર્થીઓને ફોન કરીને જરૂરી માહીતી પણ પુરી પાડી રહ્યા છે. અલબત્ત વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણનો લાભ લે તે માટે શાળાના શિક્ષકો પણ સતત તકેદારી રાખે છે. કોરોનાના કપરા કાળમાં પણ વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહે તે માટે જરૂરી તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા હોવાનુ પણ શિક્ષણાધિકારી વાઢેરે જણાંવ્યુ છે.

### સામાન્ય સભા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોંગ્રેસ પક્ષે એવો આક્ષેપ કર્યો છે કે સત્તા લોલુપ ભાજપ મૂલ્ય આધારિત રાજનીતિ કરવાનો નૈતિક આધાર ગુમાવી દીધો છે. તેઓ કોંગ્રેસને સત્તા લાલચી કહે છે પણ વાસ્તવમાં સત્તાલાલચી લોકો કોણ છે તે જિલ્લાની જનતાએ જાણી લીધુ છે અને આગામી ચૂંટણીમાં પ્રજા તેમને જાકારો આપવા મન બનાવીને બેઠી છે.

કોંગ્રેસી નેતાઓ એવુ કહેતા પણ સાંભળવા મળ્યા હતા કે સૌને ન્યાયની વાત પણ ભાજપે તે અધિકાર ગુમાવ્યો છે. તંત્રને રાજનીતિનો અખાડો બનાવી અને પોતાની સત્તા કેવી રીતે ટકાવી રાખવી તેના દાવપેચમાં તેનો ઉપયોગ કરી રહી છે.

સંવેદનશીલ અને નિર્ણાયક સરકારની વાતો કરતી રૂપાણી સરકારનો અસલી ચહેરો સામે આવી ગયો છે.

બીજી તરફ ભાજપે પણ સામાન્ય સભા નિયમોની મર્યાદામાં બોલાવવામાં આવી હોવાની વાતો શરૂ કરી છે એટલુ જ નહિ પરંતુ વિકાસ એ જ અમારૂ લક્ષ્ય છે સત્તા એ સેવા માટેનું સાધન માત્ર છે. પંચાયતી રાજ વ્યવસ્થા પારદર્શક રીતે રાજ્યમાં ચાલી રહી છે. વિકાસમાં રોઢા નાખવાનું કામ કોંગ્રેસ પાણીમાંથી પોરા કાઢી કરી રહી છે.

દરમિયાન તંત્રે સામાન્ય સભા અંગેની તમામ તૈયારીઓ આજે પૂરી કરી દીધી છે. તંત્ર બીજી કંઈ પણ કહેવાથી દૂર રહ્યુ છે.

### લટકતી તલવાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૦૧૫થી હમણાં નેપાળમાં કેટલીય વાર સત્તા અસ્ત-વ્યસ્ત નજર પડી છે અને વડાપ્રધાન બદલાતા રહ્યા છે. આ વખતે જે સંકટ પેદા થયું છે, જે કેપી શર્મા ઓલી અને પૂર્વ વડાપ્રધાન તથા એનસીપીના ચેરમેનની વચ્ચેના મતભેદ છે. આ બાબત પર મોહર લાગી ગઈ જ્યારે કેપી શર્મા ઓલીએ ખુદે જાહેરમાં કહ્યું હતું કે તેમની પદથી હટાવવાની કોશિશ કરવામાં આવી રહી છે. પોતાની જ પાર્ટીના ચેરમેન અને નેતાઓ પર આરોપ લગાવવામાં આવ્યા અને ષડયંત્રમાં ભારતનો હાથ હોવાની કહ્યા બાદ કેપી શર્મા ઓલીની મુશ્કેલી વધી ગઈ છે. કાઠમાંડૂ પોસ્ટની એક રિપોર્ટ અનુસાર સ્ટેન્ડિંગ કમિટિના ૪૪ પૈકી ૩૦ મેમ્બર્સએ ઓલી પાસેથી વડાપ્રધાન પદથી રાજીનામાની માંગ કરી છે. મીડિયા અહેવાલ અનુસાર ઓલીએ વિપક્ષી પાર્ટીના

નેતાઓ સાથે પણ વાતચીત કરી છે. નેપાળની મીડિયાના અહેવાલ અનુસાર નવેમ્બર ૨૦૧૯માં પાર્ટીમાં એ નક્કી થયું હતું કે કેપી શર્મા ઓલી સંપૂર્ણ પાંચ વર્ષ માટે વડાપ્રધાન પદ સંભાળશે અને કમલ દહલ પ્રચંડ એક્ઝિક્યૂટિવ ચેરમેન તરીકે પાર્ટી સંભાળશે. પરંતુ ઓલીએ આ સમજૂતિનું પાલન કર્યું નહીં. જોકે, વાતચીતમાં હવે દહલે મે ૨૦૧૮ની સમજૂતિ કાયમ રાખવા દબાણ ઉભું કર્યું છે, જે અનુસાર બંને નેતા અઢી-અઢી વર્ષ સુધી સરકારનું નેતૃત્વ કરશે. હવે બંને નેતા પોત-પોતાની માંગથી પાછળ હટવા તૈયાર નથી. એટલા માટે પાર્ટી તૂટવાની શક્યતા વધી ગઈ છે.

### શ્રીકાર વર્ષા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે વધારે વરસાદના પગલે એનડીઆરએફની વાત કરવામાં આવે તો રાજ્યમાં એનડીઆરએફની કુલ સાત જેટલી ટીમોને તહેનાત કરી દેવામાં આવી છે. ખંભાળિયામાં પડેલા વરસાદના પગલે એનડીઆરએફની ટીમ સક્રિય કરાઈ છે. જ્યારે એસટીએફની ટીમની પણ મદદ લેવામાં આવી રહી છે. દ્વારકા, સુરત, નવસારી, વલસાડ, રાજકોટ, પોરબંદર અને કચ્છમાં એનડીઆરએફની એક એક ટીમ સ્ટેન્ડ બાય કરવામાં આવી છે. જ્યારે વડોદરા અને ગાંધીનગરમાં પણ એક ટીમને સ્ટેન્ડ બાય કરવામાં આવી છે.

સવારે ૬ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધીના સમયગાળામાં રાજ્યના ૧૯૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ જામનગર જિલ્લાના કાલાવડમાં ૫.૮૪ ઈંચ નોંધાયો છે. જ્યારે રાજકોટમાં ૩.૪૪ ઈંચ, રાજકોટના પડધરીમાં ૩ ઈંચ, દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા અને જામનગરના ધ્રોલમાં ૨.૮૪ ઈંચ, અમરેલીના જાફરાબાદમાં ૨.૬૦ ઈંચ, ગીર સોમનાથના ગીર ગઢડામાં ૨.૪૪ ઈંચ, જામનગરમાં ૨.૨૮ અને જામનગરના લાલપુરમાં ૨.૧૨ ઈંચ વરસાદ નોંધાયો હતો.

આજે ૧૦ તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે, જ્યારે ૧૮ તાલુકામાં ૨ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે અને ૩૭ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે.કચ્છ અને સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ મહેર વરસાવી છે. અમરેલીના જાફરાબાદમાં ૨.૫ અને ગીર-સોમનાથના ગીર ગઢડા અને જામનગરના કાલાવડમાં ૨ ઈંચ વરસાદ છે.ઉપરાંત જામનગરના ધ્રોલમાં ૪૫ મિમિ, સુરતના પલાસણામાં ૩૫ મિમિ વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ થતા ૧૭ ડેમમાં ૪ ફુટ સુધીની આવક થઈ છે. ગોંડલ અને આસપાસના ગામોમાં આખી રાત ધીમીધારે વરસાદ પડ્યો હતો. ગોંડલમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. વરસાદના પગલે વાસાવડી નદીમાં ઘોડાપુર આવ્યું હતું. સૌરાષ્ટ્રભરમાં ગઈકાલથી ભારે વરસાદ પડી રહ્યો છે. ત્યારે અમરેલી અને ગીર સોમનાથ પંથકમાં ભારે વરસાદ પડતા નાના તળાવો, નદીઓ અને ચેકડેમોમાં નવાનીરની આવક થઈ છે. સુત્રાપાડામાં ૪ કલાકમાં ૩ ઈંચ વરસાદ પડ્યો હતો.

### પીછેહઠ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદીએ લદ્દાખ સરહદેથી નામ લીધા વગર ચીનને પડકાર આપ્યો હતો કે તેણે વિસ્તારવાદી નીતિ છોડી દેવી જોઈએ.

સૂત્રોના હવાલાથી જાણકારી આપી છે કે દ્રજીછ અજિત ડોભાલ અને ચીની વિદેશ મંત્રી વાંગ યીની વચ્ચે થયેલી વાતચીત સૌહાદપૂર્ણ અને દૂરદર્શિતા પર આધારિત હતી. સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે બંને વચ્ચે પૂર્ણ શાંતિ સ્થાપવી અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને, તેના માટે સાથે મળી કામ કરવાની વાત થઈ છે.

પૂર્વ લદાખની ગલવાન ખીણમાં જ્યાં બંને સેનાઓ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી ત્યાથી હવે ચીની સેના પાછી હટી ગઈ છે. સુત્રોની જાણકારી મુજબ બંને દેશોની સેના આ હિંસક અથડામણ વાળી જગ્યાએથી ૧.૫ કિલોમીટર પાછળ ગઈ છે. જે સંભવત ગલવાન ખીણ સુધી સીમિત છે. હવે આ વિસ્તાર બફર ઝોન બની ગયો છે. જેથી આગળ કોઈ હિંસક અથડામણ ના થાય. આ સિવાય બે અન્ય જગ્યાએથી પણ ચીની સેના પાછી ગઈ છે. બંને પક્ષે અસ્થાઈ તંબૂ અને કનસ્ટ્રક્શન પણ હટાવવામાં આવ્યા છે. ભારત અને ચીની સૈનિકોના પાછા જવાની વાતને ફિઝિકલ વેરિફિકેશન પણ કરવામાં આવ્યું છે સૂત્રો મુજબ બંને દેશોની સેનાઓએ રિલોકેશન પર સંમતિ દાખવી છે અને બંને સેનાઓએ વિવાદિત સ્થાનથી પીછેહઠ કરી છે.

જો કે બીજી તરફ પૈંગોગ તળાવ પાસે બંને દેશોની સેનાએ પીછેહટ કરી નથી. ભારતીય સેના અહીં પીછેહટ એટલા માટે નથી કરવા માંગતી કારણ કે ભારતીય સેના ફિંગર ૪માં છે આ વિસ્તાર હંમેશાથી ભારતના કંટ્રોલમાં રહ્યો હતો. ભારતે ફિગર ૮ પર એલએસી હોવાનો દાવો કર્યો છે. તેવામાં મંગળવારે ચુશૂલમાં ભારત અને ચીનની સેનાઓ વચ્ચે કમાન્ડર સ્તર બેઠકનો કોઈ ઉકેલ નથી આવ્યો.

સૂત્રોએ કહ્યું કે ૧૫ જૂનના રોજ ભારતના લદાખ પ્રદેશમાં ગલવાન ખીણ વિસ્તારમાં ચીન અને ભારતના સાનિકો વચ્ચે હિંસક અને લોહિયાળ અથડામણ થઈ હતી. જેમાં ભારતના ૩૦ સૈનિકો શહીદ થયા હતા તો ભારતના શૂરવીર જવાનોએ પણ ચીનના ૪૦ સાનિકોને મોતને ઘાટ ઉતાર્યા હતા. આ ઘટનાને પગલે સરહદે ભારે તંગદીલી સર્જાઈ હતી. ભારતે પણ તેનો જડબાતોડ જવાબ આપવા લદાખમાં વિમાનો અને ૨૦ હજાર સૈનિકો તૈનાત કર્યા છે. બીજી તરફ, ૩૦ જૂને બંને દેશોના આર્મી ઓફિસર્સ વચ્ચેની મીટિંગમાં વિવાદવાળા વિસ્તારોમાંથી સૈનિકોએ પીછે હટ કરવા માટે સહમતી દર્શાવી હતી. જોકે ગલવાનના ઉંડાઈ વાળા વિસ્તારમાં ચીનની બખ્તરબંધ સૈન્ય વાહનો અત્યારે પણ હાજર છે. ભારતીય સેનાની સ્થિતિ ઉપર સતત નજર છે.

ત્રણ મહિનાથી ચાલી રહેલા આ વિવાદમાં ભારતે ડ્રેગનને સામરિક, આર્થિક અને રાજદ્વારી મોરચે ગંભીર ઈજા પહોંચાડી છે. ડીજીટલ સ્ટ્રાઈક કરીને ટીકટોક સહિતના ૫૯ ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. સરકારી કામોમાંથી ચીનની બાદબાકી થઈ રહી છે. જો કે, તેમ છતાં ચીન તેની હરકતોથી બાજ ન આવતા હવે મોદી સરકાર રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલને આ મોરચે લગાવી શકે છે. સૂત્રો મુજબ ભારત, ચીન વિવાદના ઉકેલની જવાબદારી ડોભાલને સોંપવામાં આપી શકે છે. જો એવું થાય તો જોવાનું રહેશે કે પોતાની યોજનાઓથી પાકિસ્તાનને દર વખતે ધૂળ ચટાવનાર ડોભાલ ડ્રેગનને કેવી રીતે કાબુમાં લેશે.